વરાછા માતાવાડી પાસે થયેલ ખુનનો ભેદ ઉકેલી, ત્રણ આરોપીઓને પકડી પાડતી, સુરત શહેરની વરાછા પોલીસ.

સુરત શહેરના વરાછા પો.સ્ટે. વિસ્તારમાં તા:૦૬/૦૨/૧૯ ના રોજ માતાવાડી વિઠ્ઠલનગર સોસા., ન્યુ કૈલાસ બંગાળી મીઠાઈ વાળાની દુકાન સામે જાહેર રોડ ઉપર એક ઈસમને અજાણ્યા ઈસમો છરાના ઘા મારીને, ખુન કરી, નાશી ગયેલ હોય, જે બાબતે મરણ જનારના ભત્રીજા ફરીયાદીશ્રી જયંતીભાઈ રહે-વરાછા સુરતનાઓ દ્રારા વરાછા પો.સ્ટે. । ગુ.ર.નં.૬૬/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૦૨,૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબનો ગુન્હો નોધાયેલ. જે આરોપીઓને પકડી પાડવા સારૂ વરાછા પો.સ્ટે. ના પોલીસ માણસોની અલગ અલગ ટીમો બનાવી ઘટના સ્થળ તથા સી.સી.ટી.વી. ફુટેજ જોઈને આરોપીઓની ઓળખ કરીને, આરોપીઓની તપાસમાં હતા દરમ્યાન HC અનકભાઈ દેવાયતભાઈ તથા પો.કો. પિયુષભાઈ બાવકુભાઈ તથા પો.કો. વલકુભાઈ નનકાભાઈ નાઓને મળેલ બાતમી આધારે ગુન્હામાં સંડોવાયેલ આરોપી (૧) ભરતભાઈ સોમાતભાઈ બામણીયા ઉવ-૩૩ રહે-જયમાતાજી હોટલ અંજની ઈન્ડસ્ટ્રીયલ ગોથાણગામ, અમરોલી, સુરત મુળ- ગામ-કળસાર તા-મહુવા જી-ભાવનગર તથા (૨) રવિ દિનેશભાઈ સતવારા ઉવ-૨૦ રહે-ઘર નં.૩૧૧, ચોર્યાસી રેસીડેન્સી સર્વધામ હોટલ કડોદરા તથા(૩) મનિષ ઉર્ફે મન્યો રવજીભાઈ ભવાનભાઈ બોરડા (પટેલ) ઉવ-૨૧ રહે-૩૧૧, ચોર્યાસી રેસીડેન્સી સર્વધામ હોટલ કડોદરા નાઓને સાયણ રોડ વસવારી ગામ પાસે આવેલ શેરડીના ખેતરમાંથી પકડી પાડી, તેઓની પુછપરછ કરતા તેઓએ ઉપરોક્ત ગુનાની કબુલાત કરતા હોય અને જણાવેલ કે તેઓના અંગત કારણોસર મરણ જનાર દિનેશ જાદવભાઈ વાળા રહે-માતાવાડી વરાછાનાને ઉપરોક્ત ત્રણે આરોપીઓએ મળીને છરાના ઘા મારી, મોત નિપજાવેલ હોવાની કબુલાત કરતા તેઓને અટક કરી વણશોધાયેલ ગુન્હો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.